જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૭/૨૦૧૮ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૧૨/૧૮

દેશી બનાવટનો તમંચો નંગ-૧ તથા કાર્ટીઝ નંગ-૨ તથા ચોરીનુ લેપટોપ નંગ-૧ અને ચોરીના મો.સા.-૩ સાથે એક ઇસમને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુન્હાઓ અટકાવવા તથા હથીયારોના કેશો શોધી કાઢવા આપેલ સુચના આધારે ક્રાઇમ બ્રાન્ચનાં પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા તથા તેમના સ્કોડના પોસઇશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે પિરાણા ડમ્પીંગ સ્ટેશન ત્રણ રસ્તા પાસેથી આરોપી ગોપાલ S/O લલ્લુરામ જાતે નિશાદ ઉવ.૨૨ રહે. રામેશ્વર સેનેટરી કંપની, ગામઃ-રંગપર, મોરબી મુળગામઃ- આલ તા.કુઠોંદ જી.ઝાલોન, ઉતરપ્રદેશ નાને દેશી બનાવટનો તમંચો નંગ-૧ કિ.રૂ.૨,૦૦૦/- તથા મોટા કાર્ટીઝ નંગ-૨ કિ.રૂ.૨૦૦/- તથા લેપટોપ કિં.રૂ.૨૦,૦૦૦/- તથા સીડી ડીલક્ષ મો.સા. કિં.રૂ.૨૫,૦૦૦/- તથા થેલો કિં.રૂ.૧૫૦/- મળી કુલ્લે કિં.રૂ.૪૭,૩૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલ છે. બાદ તપાસ દરમ્યાન ચોરીના વધુ એક હોન્ડા ડ્રીમ મો.સા કિં.રૂ.૨૫,૦૦૦/- તથા પેશન પ્રો મો.સા કિં.રૂ.૩૦,૦૦૦/- કબ્જે લેવામા આવેલ છે.

સદરી પકડાયેલ આરોપીની પુછપરછ કરતા પોતે ત્રણેક વર્ષ થી મોરબી ખાતે રહે છે અને હાલમાં રંગપર ગામ પાસે સેનેટરીવેર કંપનીમા નોકરી કરે છે અને ત્યાં જ રૂમ રાખી રહે છે. અને મોરબી ખાતે રહેતા પોતાનો ભાઇ પુરણ નિશાદ નાનો અગાઉ ચોરી અને લુંટ ના કેસોમા પકડાયેલ છે તે હાલ મા વતન માં ગયેલ હોય પોતાની પાસેનો દેશી તમંચો તથા કાર્ટીઝ અને ચોરી કરેલ લેપટોપ તથા સીડી ડીલક્ષ મો.સા. રાખવા માટે આપી વતનમા જતો રહેલ અને તેણે આપેલ વસ્તુઓ લઇને પુરણે અમદાવાદ શાહવાડી મા રહેતા પોતાના મિત્રને ત્યાં બોલાવેલ જેથી ઉપરોકત વસ્તુઓ લઇને અમદાવાદ ખાતે આવેલ હોવાનુ જણાવેલ અને પુરણ નિશાદે આપેલ ઉપરોકત વસ્તુઓ સિવાય ચોરી કરેલ એક હોન્ડા ડ્રીમ મો.સા. તથા પેશન પ્રો મો.સા શાહવાડી પોતાના મિત્ર ગણેશ નિશાદ ના ઘરે મુકી રાખેલ હોવાનુ જણાવતા સદરી જગ્યાએ તપાસ કરતા તે બંન્ને મો.સા મળી આવતા કબ્જે લેવામા આવેલ છે અને પકડાયેલ આરોપી પાસેથી મળી આવેલ લેપટોપ તેમજ મો.સા બાબતે ખાત્રી તપાસ કરતા

(૧) લેપટોપ માં સેવ કરેલ આધાર કાર્ડ થી લેપટોપ માલિક ને પુછપરછ કરતા સાતેક મહિના પહેલા પોતે મ.નં.૪૪, પુષ્પકુંજ-૨, પાર્થેશ્વર પાર્ક સોસાયટી, વલ્લભ પાર્ક સામે, કેનાલ રોડ ઇસનપુર ખાતે રહેતા હતા તે મકાનમાં રાત્રિના સમયે ઘરફોડ ચોરી થયેલ જેમા લેપટોપ તથા ચાંદીના દાગિનાઓ અને રોકડા રૂપિયાની ચોરી થયેલ છે.

**(૨)** એક કાળા કલરનુ પરપલ કલરના પટ્ટાવાળુ હોન્ડા ડ્રીમ નીયો મો.સા. નં. **GJ-27-AB-7151** નો છે જે વાહન માલિકનો સંપર્ક કરતા એકાદ વર્ષ પહેલા નારોલ વિસ્તારમાંથી ચોરી થયેલ છે.

(3 ) એક કાળા કલરનુ ગ્રે પટ્ટા વાળુ પેશન પ્રો મો.સા. નં. GJ-13-KK-7436 લખેલ છે અસલ R.T.O. નંબર **GJ-01-SY-8683** છે તે વાહન માલિકનો સંપર્ક કરતા આ મો.સા. એકાદ વર્ષ પહેલા વટવા નિગમ સોસા. માં પોતાના ઘર પાસેથી ચોરી થયેલ છે

(૪) એક સીડી ડીલક્ષ મો.સા. નં. R.T.O. નંબર **GJ-3-DK-7448** છે જે વાહન માલિકનો સંપર્ક કરતા નવેક મહિના પહેલા વાંકાનેર રેલ્વે સ્ટેશન સામેના બજારમાંથી ચોરી થયેલ છે

આ સિવાય પકડાયેલ આરોપી અમદાવાદ શહેરમા દેશીતમંચા તથા કાર્ટીઝો રાખી કયા ઉદ્દેશથી આવેલ છે તેમજ તેના ભાઇ પુરણ નિશાદ નાએ ચોરીના અન્ય કેટલા વાહનો કે ચીજવસ્તુ આપેલ છે ? તેમજ અન્ય ઇસમો સંડોવાયેલ છે કે કેમ તે દિશામા આગળની વધુ તપાસ પો.સ.ઇ. એસ.બી.દેસાઇ નાઓ ચલાવી રહેલ છે.

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશન :</u>**

## શાહીબાગ પો સ્ટે ના ગુન્હામાં નાસ્તો ફરતો વોન્ટેડ આરોપી પકડી પાડતી વેજલપુર પોલીસ

આજરોજ પોલીસ કમીશ્નર શ્રી સેકટર ૧ સા તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર સાહેબ શ્રી એમ ડિવીઝન સા શ્રી ની મૌખીક સુચના આધારે તેમજ અમારા તથા પોલીસ ઈન્સ્પેકટર એ યુ ટાપરીયા સા ના સીધા માર્ગદર્શન હેઠળા નાસ્તા ફરતા/વોન્ટેડ/પેરોલ ફર્લોના આરોપીઓને પકડવા સારુ પ્રો પો સબ ઇન્સ એ ડી દેસાઇ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો કોન્સ અમજદખાન મહેબુબભાઈ બનં ૫૬૧૬ તથા લોકરક્ષક ભગીરથસિંહ વિજેન્દ્રસિંહ બનં ૨૪૪૨ નાઓની બાતમી હકીકત આધારે આધારે શાહીબાગ પોસ્ટે ફસ્ટ ગુ ર નંબર ૧૦૧/૨૦૧૮ ધી ઈ પી કો કલમ ૨૨૨,૨૨૩,૨૨૪,૧૨૦(બી),૧૧૪ વિગેરે મુજબના કામનો નાસ્તો ફરતો આરોપી નામે અફનાન સ/ઓ મોહમદશફી શેખ ઉવ ૧૯ રહે મનં ૫૨ ગુલાબ પાર્ક અલમદીના મસ્જીદ પાસે અપનાનગર પાસે જુહાપુરા અમદાવાદ શહેર નાઓને <u>સી આર પી સી કલમ ૪૧(૧)આઇ મુજબ તા:૨૪/૦૭/૦૧૮ ના કલાક ૧૫/30 વાગ્યે</u> પકડી પકડી અટક કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## સાબરમતી પોલીસ સ્ટેશનના નાસતા ફરતા પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સપેક્ટરશ્રી.સાબરમતી પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.નાઓએ " બ્રિજેશ રામનારાયણ તિવારી ઉવ.૨૭.રહે.સી/૬ વિહારપાર્ક સોસાયટી.વિભાગ-૨.મહેશ્વરી રોડ ઓઢવ અમદાવાદ શહેર." નાનો "જાહેરવ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો કરતો હોય જેની વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદશહેર. નાઓની સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ નં-PCB/DTN/PASA/646/18 તા.24/07/2018 અન્વયે હુકમ કરેલ પરંતુ મજકુર પાસા અટકાયતી છેલ્લા લાંબા સમયથી પોતાની અટકાયત ટાળવા સારૂ નાસતો ફરતો હોઇ જેને આજરોજ પો.સ.ઈ. એ.ડી.ભટ્ટ તથા હે.કો દિલીપસિંહ કિશોરસિંહ બનં-૭૫૮૯.તથા પો.કો.અજીતભાઈ ભીખાભાઈ.બનં-૪૨૯૪.તથા પો.કો.સંજયસિંહ ગણપતસિંહ બનં-૩૬૪૭.લો.ર.રાજુભાઈ રાહાભાઈ બનં-૧૦૫૮ તથા લો.ર.જયેશભાઇ પાલાભાઈ બનં-૧૩૮૦.તથા અન્ય સ્ટાફના માણસો વોચમાં રહી મળી આવતા આજરોજ તા.૨૪/૦૭/૨૦૧૮ ના રોજ પકડી અટક કરી સદરી અટકાયતીને પાસાની હુકમની બજવણી કરવા સારૂ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.તા.૨૪/૦૭/૨૦૧૮.

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સપેક્ટરશ્રી. આર. જી. જાડેજા નાઓએ " રવિ માનાભાઈ મારવાડી (ઝંડાવાળા)ઉવ.૨૭.માતૃછાયા સોસાયટી પાસે નહેરૂનગરના છાપરા કેવલ કચેરીની બાજુમાં માયા ટોકીઝની પાછળ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર." નાનો "જાહેરવ્યવસ્થા " વિરૂદ્ધના કૃત્યો કરતો હોય જેની વિરૂદ્ધમાં ઓઢવ પો સ્ટેશન પ્રોહી ગુ.ર.નં ૫૨૫૧/૧૭ ધી પ્રોહી કલમ ૬૬(બી).૬૫(ઈ).૮૧ તથા સરદારનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં::૧૩૪/૧૭ ધી ઈપીકો કલમ.૩૭૯,૩૫૬,૧૧૪ તથા ઓઢવ પો સ્ટેશન ફ.ગુ.ર.નં-૮૮/૨૦૧૮ ઈપીકો ૩૫૬,૧૧૪ મુજબના ગુના નોંધાયેલ હોય સદરી આરોપી વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદશહેર.નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં-PCB/DTN/PASA/629/18 તા.20/07/2018 અંન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ.ઈ. એ.ડી.ભટ્ટ તથા હે.કો દિલીપસિંહ કિશોરસિંહ બનં-૭૫૮૯.તથા લો.ર.રાજુભાઈ રાહાભાઈ બનં-૧૦૫૮ તથા લો.ર.જયેશભાઇ પાલાભાઈ બનં-૧૩૮૦.તથા અન્ય સ્ટાફના માણસો વોચમાં રહી મળી આવતા આજરોજ તા.૨૪/૦૭/૨૦૧૮ ના કલાક.૧૯/30 પાસા હુકમની બજવણી કરી જામનગર મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા.૨૪/૦૭/૨૦૧૮.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"ગાયકવાડ હવેલી" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "ગાયકવાડ હવેલી" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.







નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.